## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



હસમુખલાલ ભોગીલાલ શાહ
(૧૯૪૩) ફોન. ૨૩૨ ૨૬૬૯૧



મણીબેન એન. મહેરીયા
(૧૯૫૦) મો.૯૭૩૭૭૪૪૪૫૪



પ્રાંતિજ તાલુકાના ઓરાણ હાઈસ્કૂલમાં ધો. ૧૨માં અભ્યાસ કરતા પ્રવિણજી ભીખાજી ઠાકોરનું ૯મી જુલાઈના રોજ રોડક્રોસ કરતા કાર અકસ્માતમાં દુ:ખદ અવસાન થતાં શાળા પરિવારે પ્રાર્થનાસભા દ્વારા સાચી શ્રદ્ધાંજલી અર્પી હતી. આ શાળાના શિક્ષક પરિવાર તથા વિદ્યાર્થીઓએ રૂ. ૧૩,૭૧૧ની રકમનો લોકફાળો એકત્રિત કર્યો હતો. શાળાના આચાર્યશ્રી કિશ્નુસિંહ એન. રાઠોડ તથા શિક્ષકગણ સાથે વિદ્યાર્થીના માદરે વતન સમી ગામે જઈને લાડકવાયો યુવાનના માતા-પિતાને એકત્રિત કરેલ રૂ. ૧૩૭૧૧ની રકમ અર્પી સાંત્વના આપી હતી. શાળા પરિવારે દુ:ખદના સમયમાં કુટુંબીજનો તો સ્નેહીજનો રૂપે આ ગરીબ પરિવારને સહાયરૂપ થવા તથા માનવતાભરી લાગણી દર્શાવી મૃતકના પરિવાર પ્રત્યે લાગણીસભર પ્રતિસાદ આપ્યો હતો. (નટુભાઈ પટેલ, ચિલોડા)

## માણસાના વરસોડા ગામે ખેડૂત પરિવાર પર તીક્ષ્ણ હથિયારો વડે હિંસક હુમલો

માણસા, તા.૧૬

માણસા તાલુકાના વરસોડા ગામે ગતરોજ રાત્રિના સમયે કુવાદરા ગામના એક ખેડૂત પરિવારના સભ્યો વાવણી કરી રહ્યા હતા તે દરમિયાન કેટલાક ઈસમોએ તીક્ષ્ણ હથિયારો વડે ખેડૂત પરિવાર ઉપર હુમલો કર્યો હતો અને ગંભીર ઈજાઓ પહોંચાડી લોહી લુહાણ કરી નાખ્યો હતો. જે બાદ ઘાયલોને માણસા સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. આ મામલે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાના કુવાદરા ગામના હિનાબેન વિખુજી ઠાકોર ગત રોજ બપોરના અગિયાર વાગે પોતાના પરિવારના સભ્યો સાથે વરસોડા ગામની સીમમાં આવેલા પોતાના ખેતરમાં વાવણી કરી રહ્યા હતા દરમિયાન બદ ઈરાદા સાથે પોતાનો હેતુ પુરો પાડવા માટે કિરીટસિંહ રતનસિંહ દરબાર, રતનસિંહ પ્રદિપસિંહ, જશુજી સહિત પાંચ માણસો એક સંપ બનાવી આવ્યા હતા અને વાવણી કરતા ખેડૂત પરિવારના સભ્યો પર તલવાર, ધોકા અને લાકડીઓ વડે હિંસક હુમલો કર્યો હતો તથા ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં તમામ ઘાયલોને માણસા સિવિલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે માણસા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરમાં ત્રણ ચોરી કર્યાનું સુરતમાં પકડાયેલ ચીખલીગર ગેંગના ચારની કબૂલાત

## ચારેયને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે દિન ઉના રિમાન્ડ મંજૂર કર્યા

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં સાત મહિના અગાઉ એક રાતમાં ત્રણ જગ્યાએ ચોરી કર્યાનું સુરતમાં પકડાયેલા ચીખલીગર ગેંગના ચાર જણાએ કબુલ્યું હતું. જેથી હિંમતનગર પોલીસે પકડાયેલ ચાર જણાને ટ્રાન્સફર વોરંટથી હિંમતનગર લાવી ચોરીના ગુનામાં અટકાયત કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૭ જુલાઈ સુધી દિન ત્રણના રિમાન્ડ મંજુર કર્યા હતાં.

પી.એસ.આઈ. રાયટર-ભરતસિંહ વાઘેલાએ જણાવેલ કે સુરતમાં મોટી ચોરી કરતી ચીખલીગર ગેંગના ચાર જણા (૧) ઉદલસિંગ રાજુસિંગ તિલ પીટીયા (રહે-પોડેસરા હાઉસિંગ, અમૃતનગર ઝૂંપડપટ્ટી, સૂરત મૂળ રહે-બરોડા શહેર) (૨) મદનસિંગ ઉર્ફે હરજીતસિંગ કરણસિંગ દુધાની (રહે.-આજવા રોડ, કમલાનગરની સામે, નહેરુચાચા નગર, બરોડા) (૩) ઓમકારસિંગ સેવાસિંગ જૂની (રહે. આજવા રોડ, સયાજીબાદ, દત્તનગર, બરોડા) (૪) પાપાસિંગ ઉર્ફે પપ્પુસિંગ માનસિંગ બાવરી (રહે-આજવા રોડ, એકતાનગર, ઝૂંપટપટ્ટી, બરોડા)ને ડી.સી.બી.પોલીસે ૩જી જુલાઈના રોજ પકડી પાડયા હતા અને તેમની પૂછપરછ કરતા તેમને હિંમતનગર શહેરમાં એક રાતમાં ત્રણ સ્થળે ચોરી કર્યાનું કબૂલ્યું હતું. જેથી પોલીસે હિંમતનગર પોલીસ મથકને જાણ કરી હતી. હિંમતનગર પોલીસ પકડાયેલા ચારેયને ૧૪મી જુલાઈના રોજ ટ્રાન્સફર વોરંટથી હિંમતનગર લાવી હિંમતનગર શહેરમાં ૨૫મી જાન્યુઆરીની રાત્રીના બગીચા વિસ્તારમાં સોનીની કન્યાદાન જવેલર્સ દુકાનની જાળી અને શટરનું તાળું તોડી ચોરી કરેલ ત્યાર બાદ આંબાવાડી વિસ્તારમાં કૈલાશબેન હરિવલ્લભ દિક્ષિતના મકાનનું તાળું તોડી ચોરી કરેલ અને છેલ્લે શહેરના મોતીપુરા વિસ્તારમાં શારદાકુંજ સોસાયટીમાં વિજયભાઈ ભટ્ટના મકાનનું તાળું તોડી ચોરી કરી હતી તે ગુનામાં પોલીસ ૧૩મી જુલાઈને શુક્રવારના રોજ અટક કરી ૧૪મી જુલાઈના રોજ શનિવારએ કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૭ જુલાઈ સુધી દિન ત્રણના રિમાન્ડ મંજુર કર્યા હતાં.

## ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ડિરેક્ટર નિમાયા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્યની ૫૨૦૦ જેટલી કો.ઓપ. ક્રેડિટ સોસાયટીઝના બનેલાં અમદાવાદ ખાતે આવેલા ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લી.ના ડિરેક્ટરપદે તાજેતરમાં પરેશ પટેલની સતત ત્રીજીવાર બિનહરીફ વરણી થઈ છે.



ફેડરેશન સમાજના મધ્યમ અને નાના વર્ગના લોકોના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી આર્થિક ઉપાર્જનમાં મહત્વની ભૂમિકા અદા કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે પરેશ પટેલ હાલ કૃભકો, નવી દિલ્હીમાં ડિરેક્ટર પદે બિરાજમાન છે. તદ્ ઉપરાંત ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટી. ઓફ કો.ઓપ. મેનેજમેન્ટમાં ગુજરાત ખાતેના ડિરેક્ટર તરીકે, નાફેડ નવી દિલ્હીમાં ડેલીગેટ તરીકે તેમજ તપેન્દુ એજ્યુકેશન સોસાયટી નવી દિલ્હીના ટ્રસ્ટી તરીકે, ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., અને ગાંધીનગર જિલ્લા સહકારી સંઘમાં ડિરેક્ટર પદે સક્રિય જવાબદારી સંભાળી રહ્યા છે. રાષ્ટ્રીય કક્ષાની એન.સી.સી. ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના પૂર્વ ડિરેક્ટર તરીકે તેમજ ઈફકો, નવી દિલ્હીમાં સતત ચાર વાર પૂર્વ ડિલેગેટ તરીકે, ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં પૂર્વ ચેરમેન તરીકે આ ઉપરાંત જિલ્લા,શહેર તથા ગ્રામ્ય કક્ષાની અનેક વિધ સહકારી સંસ્થાઓમાં સતત જાગૃકતાપૂર્વક સક્રિય સેવા આપી રહ્યા છે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરના નવનિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરનો ઈસ્ટોલેશન સેરેમની ૧૬મી જુલાઈ-૨૦૧૨ને સાંજે ૬.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ઘ-૫ સર્કલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરના વર્ષ ૨૦૧૨-૧૩ના નવા નિમાયેલા પ્રમુખ, સભ્યોના શપથવિધિ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્ય સભાના પુરુષોત્તમ રૂપાલા, સચિદાનંદ પરીખ, લલિત શર્મા અને અમૃતભાઈ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરના વર્ષ-૨૦૧૨-૧૩ના નવા નિમાયેલા પ્રમુખ, સેક્રેટરી, ઉપપ્રમુખ વગેરે હોદ્દેદારો તથા ડિરેક્ટર્સના શપથ વિધિ સમારોહમાં આમંત્રિત મહેમાનો તથા રોટેરિયન સભ્યોની હાજરીમાં નવનિયુક્ત હોદ્દેદારોએ પોતાના હોદ્દાને વફાદાર રહી, પ્રામાણિકપણે ફરજ બજાવવાના શપથ લીધા હતા.

સાથી સભ્યોએ અને આમંત્રિત મહેમાનોએ નવા નિમાયેલા હોદ્દેદારોને આવકારી વર્ષ ૨૦૧૨-૧૩ની કામગીરી સફળ રીતે સંપન્ન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી તથા પદનિયુક્તિ માટે અભિનંદન આપ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ ખાતે ૧૮મીએ સહકારી પરિષદ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી નિમિત્તે 'કૃભકો' યુરિયા, બિયારણ તેમજ જૈવિક ખાતરોના ઉત્પાદક તથા હાઈબ્રીડ બી.ટી. કપાસ બાયો કંપોસ્ટના વિતરક, વિશ્વ વિરાટ સહકારી સંસ્થા 'કૃષક ભારતી કો-ઓપરેટીવ લી.' અમદાવાદ તથા ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮મી જુલાઈ ૨૦૧૨ને બુધવારે સવારે ૧૦ કલાકે ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ખાતર, બિયારણ તેમજ કૃષિ સામગ્રી વિતરણ કરતી સહકારી મંડળીઓના મંત્રીઓની, પ્રમુખોની એક 'સહકારી પરિષદ' યોજાશે.

સહકારી પરિષદના પ્રમુખ તરીકે નવી દિલ્હી કૃભકોના ડિરેક્ટર પરેશભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે ચેરમેન લાલભાઈ પટેલ, ગુજકોમાસોલના ડિરેક્ટર રસીકલાલ પટેલ, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ અને ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન સુરેશભાઈ પટેલ ખાસ હાજરી આપશે. સહકારી મંડળીઓના મંત્રીઓ અને પ્રમુખોને સહકારી પરિષદમાં નિયત સ્થળ અને સમયે ઉપસ્થિત રહેવા કૃભકો ગાંધીનગરના મેનેજર લલિત પટેલ અને મણીલાલ પટેલે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## શબ્દાવલી - ૪૭૯૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | | | | |
| | ■ | ૮ | | | | ■ | |
| ■ | ૯ | ■ | | ■ | ■ | ૧૦ | ■ |
| ૧૧ | | ૧૨ | ■ | ૧૩ | ૧૪ | | ૧૫ |
| | ■ | ૧૬ | | | | ■ | |
| ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |

**આડી ચાવી**

૧. દબાવવું તે, ... કરવું (૩)
૩. મીલે... મેરા તુમ્હારા તો...(૨)
૬. સન્માન, આદર (૨)
૭. પરાકાષ્ઠા (૫)
૮. ભયગ્રસ્ત (૪)
૧૧. ... થવું, બરબાદનું વિરોધી (૩)
૧૩. ઉપવાસ (૪)
૧૬. પહેલાના રાજા કન્યાને ઉપાડી જતા તેને... કર્યું કહેવાય (૬)
૧૭. સત્તા, રાજય (૩)
૧૯. નશીલા પદાર્થના સેવનથી... ચઢે (૨)
૨૦. આંગળીની શોભા વધારતો ઉપરનો કડક ભાગ (૨)
૨૧. ૐ, હું (૨)
૨૨. જમવું (૨)

**ઊભી ચાવી**

૧. ઠાઠ-માઠ (૩)
૨. ... ને ચંચળ કહેવાય (૨)
૩. સુગંધ, સૌરભ (૩)
૪. ખેલ, ગેમ (૩)
૫. બધા, સર્વે (૩)
૭. પસંદગી કરવી,... કરવું (૩)
૯. તારાથી તો..., કંટાળવું (૨)
૧૦. જેવી સોબત તેવી... (૩)
૧૧. વિશાળ, ભવ્ય (૪)
૧૨. બાળવું તે, ... કરવું (૩)
૧૩. રમતમાં આઉટ થયા વગરનું (૪)
૧૪. દુનિયાનું ભૌગોલિક ચિત્રણ કરતું ચિત્ર (૩)
૧૫. હમણાં હમણાંનું, નવું (૪)
૧૮. શાંતિ, ... ના થવું (૨)

### શબ્દાવલી ૪૭૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) તત્પરતા (૪) રેફરી (૫) દિલકશ (૭) ફેરિયો (૮) રમમાણ (૧૦) રવ (૧૧) કચવાટ (૧૨) કસ (૧૪) વાંહો (૧૫) કચોરી (૧૬) વાનગી (૧૮) મકતા (૧૯) અટલ (૨૦) અને

**ઊભી ચાવી :-** (૧) તરફેણ (૨) રદિયો (૩) તાલ (૪) રેશમ (૬) કરવટ (૯) માણેકચોક (૧૦) રવાનગી (૧૧) કહોવાટ (૧૩) સરીતા (૧૫) કમને (૧૭) નલ

## બેફામ મારૂતિ ચલાવતા ગંભીર અકસ્માત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના રોડ ઉપર સેક્ટર-૨૩/૨૮ પાસેથી બેફામ પસાર થતા મારૂતિ સુઝુકી એસ.એક્ષ-૪ના ડ્રાયવરે ગતરોજ મારૂતિ જી.જે-એમ.એમ. ૩૫૯૦ને ટક્કર મારતા મારૂતિમાં બેઠેલા મહિલાને માથામાં ઈજા થઈ હતી. તાત્કાલિક તેઓને હોસ્પિટલ પહોંચાડી સારવાર અપાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગત રોજ ગાંધીનગરના સેક્ટર-૨૩/૨૮ રોડ ઉપરથી બેફામ ચલાવતા મારૂતિ સુઝુકી એસ.એક્ષ-૪ના ડ્રાઈવરે પાછળથી મારૂતિ જીજેએમએમ૩૫૯ને ટક્કર મારતા મારૂતિમાં બેઠેલા જશોદાબેન ચંદ્રકાંત પંડ્યાને માથાના ભાગમાં ઈજાઓ થઈ હતી. તેણીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મારૂતિ સુઝુકી જીજે૧૮એ.એમ.-૧૪૨૯નો ડ્રાઈવર ચાલુ ગાડીએ કરોળિયા સાફ કરતો હતો. આ દરમિયાન આગળ જતી મારૂતિ ફંટીને ટક્કર મારી હતી. આ અંગેની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ભીલડી ગામની જમીન એન.એ. કરાવવા ખોટા દસ્તાવેજ કરાવતા બે ઈસમો સામે ફરિયાદ

ડીસા, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેની એક જમીન એન.એ. કરાવવા એક વ્યક્તિએ તેમજ એક વકીલે મેળાપીપણું કરી ગુનાહીત કાવતરૂ રચી જિલ્લા કલેક્ટર બનાસકાંઠાનો બનાવટી સહીવાળો પત્ર બનાવી તેને સાચા દસ્તાવેજ તરીકે રજુ કર્યો હતો જોકે આ ખોટા દસ્તાવેજ બાબતે મહેસુલ શાખાના જુનીયર કલાર્કને શંકા જતાં તેને આ મામલાની ખરાઈ કરી હતી જેમાં રજુ થયેલ દસ્તાવેજ બનાવટી હોવાનુ બહાર આવ્યુંહતું. જે બાદ આ મામલે આ ગંભીર ગુનો આચરનાર વકીલ તેમજ એક અન્ય ઈસમ સામે પાલનપુર પુર્વ પોલીસમથકમાં જિલ્લા પંચાયત કચેરીના ચિટનીસે સરકાર તરફે ફરીયાદ નોંધાવતા સનસનાટી મચી હતી.

બનાસકાંઠાના ભિલડી ખાતે આવેલ સર્વે નંબર ૩૦ પૈકીની એક જમીનને રહેણાંકના હેતુફેર માટે એન.એ. કરાવવા માટે બનાસકાંઠા જિલ્લા પંચાયત મહેસુલ શાખામાં ટપાલ કારકુનને એક પત્ર રજુ કરાયો હતો. આ પત્ર તારીખ ૧૮-૬-૨૦૧૨ની તારીખ વાળો અને પ્રથમ દષ્ટીએ જ બનાવટી જેવો લાગતા નાયબ મહેસુલ શાખાના જુનીયર કલાર્ક જામદભાઈએ આ મામલે નાયબ જિલ્લા વિકાસ અધિકારીને જાણ કરી હતી. જે બાદની તપાસમાં આ પત્ર બોગસ હોવાનું બહાર આવતા તે રજુ કરનાર ઈસમોની તપાસ હાથ ધરાઈ હતી. જે બાદ આ ગંભીર પ્રકારનો ગુનો હોઈ જિલ્લા પંચાયતના ચિટનીસ વિ.ડી. કલાલે આ મામલે પાલનપુર શહેર પૂર્વ પોલીસમથકે ધોરણસર ફરીયાદ આપી હતી.

## સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસની બેઠક યોજાઈ

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા હિંમતનગરના વકતાપુર ખાતે ચુંટણીના અનુસંધાનમાં એક બેઠકનું આયોજન પૂર્વ સાંસદ અને ઑલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે ૨૦૧૨માં આવનાર ચુંટણી વિશે મધુસુદન મિસ્ત્રીએ પોતાના વકતવ્યમાં જણાવેલ કે કાર્યકરો એકબીજાના પગ ખેંચ્યા વગર પાર્ટી તરફથી જે ઉમેદવાર મૂકવામાં આવે તેને વધાવી લઈને ખભેથી ખભા મિલાવી ચુંટણીમાં કામ કરવું. પોતાના કોટા બાજુ પર રાખીને પોતે એક પાર્ટીના કાર્યકર છે અને લોકોના કામને પ્રાધાન્ય આપવું. આવનાર ચુંટણીમાં બુથ લેવલ સુધી કોંગ્રેસના કાર્યકર બનીને મતદારોના ઘર સુધી જઈ બુથ સુધી લાવી કોંગ્રેસ તરફી ઉંચુ મતદાન કરાવવું તેવી હાલક કાર્યકરોને કરી હતી.

બેઠકમાં પ્રદેશ મહામંત્રી વી.ડી. ઝાલા, જી.કોં. સમિતિ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મહેન્દ્રસિંહ વાઘેલા, અનિલ જોષીયારા, પ્રવીણભાઈ પટેલ, કરશનદાસ સોનેરી તેમજ યુથ કોંગ્રેસના વનરાજસિંહ, મહિલા મોરચાના પ્રમુખ નિર્મળાબેન પંચાલ તેમજ ખુબ જ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## સમાચાર ઝલક

- આસામમાં ભૂખ્યા હાથી જંગલમાં તાંડવ મચાવે છે, પાંચ જિલ્લામાં અસરગ્રસ્ત.
- પાંચ વર્ષ પછી ડિસેમ્બરમાં ભારત-પાક ક્રિકેટ સીરીઝ રમશે.
- અલ્હાબાદમાં એક્સીસ બેંકના એ.ટી.એમ.માંથી એક લાખ રૂપિયાની ચોરી.
- નેપાળમાં બસ દુર્ઘટના : ૩૯ ભારતીયોનાં મોત.
- તહેવારોની મોસમ આવતાં જ ફરસાણનાં ભાવ વધી ગયા, ફરાળી વાનગીઓ પણ મોંઘી બની.
- હિમાચલમાં પણ ગુટખા-તમાકુ મિશ્રિત પાનમસાલાં પર પ્રતિબંધ.
- સંસદનું સરનામું બદલાશે, કેપીટલ હાઉસ બનશે, સંસદ સંકુલ નવું નિર્માણ પામશે. વૈશ્વિક ટેન્ડરો આવશે.
- શ્રી કેશુબાપા, શ્રી શંકરસિંહજી બાપુનો જન્મદિન દમદાર રીતે ઉજવાશે.
- દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંતનું આરોગ્ય લથડ્યું.



હાલમાં ગુજરાત રાજયમાં વર્ષારાણી માટે સૌ નાગરિકો ચાતક પક્ષીની જેમ આતુરતાપૂર્વક રાહ જોતાં આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. જુલાઈના બીજા સપ્તાહમાં છૂટા છવાયા ઝરમર અને અમુક સ્થળે ઝાપટાં રૂપે મેઘમહેર થતાં પણ મન મુકીને વરસતો નથી ત્યારે ખેડૂતો મહામુલો કપાસ, શાકભાજી, લીલો ઘાસચારો મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ ન જાય તે અર્થે ખેડ-ખાતર-પાણી દ્વારા અથાક પ્રયત્નો કરી રહ્યા છે. જયારે પર્યાવરણવાદીઓ 'વૃક્ષ વાવો-વરસાદ લાવો' સુત્રને ચરિતાર્થ કરવા વૃક્ષારોપણ તથા વનીકરણ કાર્યક્રમો દ્વારા રોપાનું વાવેતર અભિયાન ચલાવી રહ્યા છે. આવો એક કાર્યક્રમ ઓરાણ હાઈસ્કૂલના વિશાળ જગ્યાએ વનવિભાગ દ્વારા કુલ ૧૧૧૧ રોપાનું વાવેતર કરી વૃક્ષારોપણ કર્યું હતું. હાલમાં છૂટાછવાયા વરસાદમાં લીમડા, ગુલમહોર, વડ, બદામ, જેવા અનેક રોપાઓની માવજત અને જતન કરવા શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ પાણીનું સિંચન કરી વૃક્ષ પ્રેમની ભાવના વ્યકત કરી રહ્યા છે.
(ફોટો : નટુભાઈ પટેલ, ચિલોડા)

## પૂજ્ય તપસ્વીરત્ન મુનિરાજ અભયરત્ન વિજયજી મહારાજની ૩૦ દિવસની ઉગ્ર તપસ્યા

ગાંધીનગર, તા. ૧૬

શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ખાતે ચાતુર્માસ પ્રસંગે પધારેલા તપસ્વી રત્ન મુનિરાજ અભયરત્ન વિજયજી મહારાજ ૩૦ દિવસની ઉગ્ર તપસ્યા કરી રહ્યા છે. તપસ્યાનો ૨૬મો ઉપવાસ પૂર્ણ થયો છે. તેમનું માસક્ષમણનું પારણું ૨૧મી જુલાઈ-૨૦૧૨ને જૈન દેરાસર, સેક્ટર-૨૨ ખાતે થશે.

સળંગ પાંચમાં વર્ષે પાંચમું માસક્ષમણ ઉગ્ર તપસ્યા કરનાર અભયરત્ન વિજયજી મહારાજે વર્ધમાન તપની ૧૧૧ ઓળીઓની આરાધના કરી છે. ૧૦૦૮ પાર્શ્વનાથ પ્રભુની આરાધના માટે ૧૦૦૮ અઠમની શરૂઆત કરી છે. આ માસક્ષમણ પૂર્ણ થતાં તેમના ૫૦૧ અઠમ પૂર્ણ થશે. મહારાજ માસક્ષમણ દરમિયાન દિવસે ક્યારેય સુતા નથી. આખો દિવસ જાપ અને સ્વાધ્યાયમાં લીન રહે છે. ટેકો લીધા વગર બેસે છે. રાત્રે પણ ૧-૨ વાગે ઊઠીને ૨-૪ કલાક જપ કરે છે. તેમનું માસક્ષમણનું પારણું શ્રાવણ સુદ-૨ શનિવારે તા. ૨૧મી જુલાઈ-૨૦૧૨ના રોજ જૈન દેરાસર સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે થશે. ગાંધીનગરમાં ચાતુર્માસ પ્રવેશ થયા પછી તેમણે ગાંધીનગરનું માત્ર પાણી જ વાપર્યુ છે. ગોચરી વાપરી નથી. આ કલિકાળમાં આવા તપસ્વીઓ ખરેખર ધન્ના અણગારની યાદ અપાવી દે છે.

## રાજ્યપાલશ્રીની મુલાકાતે કોમોડોર સંદીપ નિથાની, કમાન્ડીંગ ઓફિસર, આઈ.એન. એસ. વાલસુરા

આઈ.એન.એસ. વાલસુરાના કમાન્ડીંગ ઓફિસર, કોમોડોર સંદીપ નિથાનીએ આજે ગાંધીનગરમાં રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની સૌજન્ય મુલાકાત લીધી હતી.

આઈ.એન.એસ. વાલસુરાના કમાન્ડીંગ ઓફિસરનો પદભાર સંભાળ્યા પછી શ્રી સંદીપ નિથાનીની રાજ્યપાલશ્રી સાથેની આ પ્રથમ મુલાકાત હતી.

### સીટી બનવા આતુર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગરને ફ્રેન્કફર્ટ સીસ્ટર સીટી બનાવવા અંગેની તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે અને આગામી દિવસોમાં આ અંગેનું આખુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

શ્રી એ.કે. શર્માના નેતૃત્વમાં ગયેલા પ્રતિનિધિમંડળ સમક્ષ બિનપરંપરાગત ઊર્જા, એન્જીનીયરીંગ, ઊર્જા, દવાઉદ્યોગ, કેમીકલ અને ફૂડ પ્રોસેસીંગ તેમજ કૃષિક્ષેત્રે રોકાણ માટે યુરોપીયન કંપનીઓ સૌથી વધુ આતુર હોવાનું જણાતાં તે અંગેનો ડિટેઈલ રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

વાયબ્રન્ટ સમીટની તૈયારીઓના ભાગરૂપે છ થી પણ વધુ શહેરોમાં રોડ શો નું પણ આયોજન કરાયું હતું.

આ પ્રતિનિધિ મંડળણાં શ્રી એ.કે. શર્મા સાથે જવાલેશ ઝવેરી, હજીરા એલ.એન.જી.ના શ્રી નીતિન શુક્લા, રસના ગૃપના એમ.ડી. શ્રી ખંભાતા, સુઝલોનના ડિરેક્ટર શ્રી બ્રિજરાજસિંહ પરમાર, જે.આઈ.લિમિ.ના શ્રી નિરવ શાહ, ટાટા મોટર્સના શ્રી અમરજીતસિંહ પુરી, રિદ્ધિ-સિદ્ધિના શ્રી ગણપત ચૌધરી તેમજ ટોરેન્ટના સ્ટ્રેટજીક એડવાઈઝર શ્રી દીપ પણ જોડાયા હતા.